આદિજાતિ વિકાસ વિભાગ
મુખ્યમંત્રીશ્રીના દસ મુદા કાયક્રમ

નિરોગી બાળ વર્ષ
સ્વર્ણિમ ગુજરાત

## ટેલેન્ટ પુલ યોજના હેઠળ શહેરી આવાસીય શાળાઓની પસંદગી

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ ધ્વારા ગત વર્ષથી મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદા કાર્યક્રમ (વનબંધુ કલ્યાણ યોજના) અંતર્ગત આવાસ અને ભોજનની સુવિધા સાથે વિના મુલ્યે આ બધો ખર્ચ ગુજરાત સરકાર ભોગવશે. મેધાવી આદિવાસી વિધાર્થીઓ માટે ટેલેન્ટ પુલ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજયના ચાલુ વર્ષે ૨૦૦૯-૨૦૧૦માં ધોરણ-૫ પાસ કરેલ મેધાવી આદિજાતિ બાળકોને મેરીટ ટેસ્ટના આધારે પસંદ કરી, શહેરી વિસ્તારની નામાંકિત રેસીડેન્સીયલ શાળાઓમાં પ્રવેશ અપાવી., ધોરણ-૧૨ સુધીનું ગુણવત્તાવાળુ શિક્ષણ, ટયુશન આપવાનો આશય છે.

મેધાવી આદિવાસી વિધાર્થીઓને ધોરણ-૬માં પ્રવેશ આપીી આદિજાતિ વિકાસમાં સહભાગી બનવા ઇચ્છતી ગુજરાત અને પડોશી રાજયોમાં આવેલી નામાંકિત નિવાસી શાળાઓ પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવામાં આવે છે. યોજનામાં ભાગ લેનાર શાળાઓ નિયત નમૂનામાં ટેકનીકલ અને નાણાંકીય ઓફર મોડામાં મોડી તા.૨/૬/૨૦૦૯ સુધીમાં મોકલી શકે છે. જે શાળાઓની ગત વર્ષે આ યોજના હેઠળ પસંદગી કરી વિધાર્થીઓની ફાળવણી કરવામાં આવેલ છે તે સંસ્થાઓએ આ જાહેરાત હેઠળ નવેસરથી અરજી કરવાની રહેતી નથી.

દરખાસ્તની વિગતો વિભાગની વેબસાઇટ http://vanbandhukalyanyojana.gujarat.gov.in/ પર ઉપ્લબ્ધ છે. વધુ વિગતો માટે કાર્યાલય સમય દરમ્યાન કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીને ફોન નં.૦૭૯-૨૩૨૫૩૬૧૮/ ૨૩૨૫૩૨૫૮ પર સંપર્ક કરી શકશો.

કમિશ્નર
આદિજાતિ વિકાસ,
ગુજરાત રાજય, ગાંધીનગર.

અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને
વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત
ઉત્તમ કક્ષાના આવાસીય વિધાલયમાં
સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ
પુલનું નિમાણ કરવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ-૨૦૦૭-ન.બા.૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૫-૭-૨૦૦૮

ઠરાવઃ-

ગુજરાત રાજયમાં અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓ માટે વિવિધ પ્રકારની શૈક્ષણિક યોજનાઓ અમલમાં છે, માનનીય મુખ્ય મંત્રીશ્રીની વન બંધુ કલ્યાણ યોજનાના મુદા ક્રમાંક-૨ અંતર્ગત શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ અન્વયે આદિજાતિના હોંશિયાર વિધાર્થીઓને ઉત્તમ ગુણવત્તાવાળી આવાસીય શાળાઓમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ પુરૂં પડવા માટેની ટેલેન્ટ પુલનું નિર્માણ નામની યોજના સક્રિય વિચારણા હેઠળ હતી.

ટેલેન્ટ પુલના નિર્માણની યોજના અંતર્ગત ઓછામાં ઓછા ૧૦૦૦ મેઘાવી (મેરીટોરીયસ) અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને ઉત્તમ કક્ષાનું શિક્ષણ તેમજ સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાની નામાંકિત શાળાઓમાં પ્રવેશ અપાવીને અન્ય સમાજની હરોળમાં બરોબરી કરી શકે અને તેઓ પુરા આત્મવિશ્વાસથી ઉભા રહી શકે તેવા બનાવવાના મૂળ આશયથી પુખ્ત વિચારણાને અંતે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવાની યોજના અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

૧. આ યોજના શૈક્ષાણિક વર્ષ ૨૦૦૮-૦૯થી અમલી બનશે.

૨. વિધાર્થીઓની પસંદગી માટેનું ધોરણઃ-

અ. અનુસૂચિત જનજાતિના ધોરણ-૫ તથા ધોરણ-૧૦ મા પ્રથમ કે બીજા વર્ગમાં પાસ થયેલ વિધાર્થીઓની પ્રવેશ પરીક્ષા ગોઠવીને તેમાં ૬૦ટકા કે તેથી વધુ ગુણ મેળવીને મેરીટમાં આવનાર વિધાર્થીઓને ટેલેન્ટ પુલની યોજના હેઠળ પસંદ કરેલી શાળાઓમાં પ્રવેશ આપવાનો રહેશે.

બ. પ્રાથમિક શાળામાં ધોરણ-૫ની પરીક્ષામાં પ્રથમ કે વ્દિતિય સ્થાને ઉર્તીણ થયેલ અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓ કે જેમણે કમિશ્નર, આદિજાતિ વિકાસ, ગાંધીનગર તરફથી લેવાતી રાજય

કક્ષાની પ્રવેશ માટેની સંયુકત પરીક્ષા અગ્રતાક્રમે પાસ કરી હોય તેઓ અગ્રતાના ધોરણે પસંદગી પામેલ શાળાઓમાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની આદર્શ નિવાસી શાળાઓમાં મહત્તમ ગુણથી માધ્યમિક બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિધાર્થીઓને અગ્રતાના ધોરણે સદરહું શાળાઓમાં ધોરણ-૧૧ માં પ્રવેશ આપી શકાશે.

ક. દરેક શૈક્ષણિક વર્ષને અંતે વિધાર્થીએ લઘુત્તમ ૬૦ ટકા માર્કસ સાથે ઉતીર્ણ થવાનું રહેશે અને શાળાના નિયમો મુજબની હાજરી આપવાની રહેશે.

ડ આવક મર્યાદા -

જે વાલીની વાર્ષિક આવક રૂ.ર-૦૦ લાખ સુધીની હોય તેમના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

જે વાલીની વાર્ષિક આવક રૂ. ર-૦૦ લાખથી ૩-૦૦લાખ સુધીની હોય અને તેઓ આ યોજનામાં જોડાવા માંગતા હોય તો તેઓએ આ યોજનામાં થનાર ખર્ચના ૫૦ ટકા રકમ પોતે ભોગવવાની રહેશે.

૩. <u>શાળાઓની પસંદગીઃ-</u>

ટેલેન્ટ પુલ માટે પસંદ કરવામાં આવેલ શાળા નિવાસની સુવિધાવાળી, ઉત્તમ ગુણવત્તાવાળી અને શહેરી વિસ્તારમાં આવેલી હોવી જોઇએ. સદરહું શાળાઓની પસંદગી દૈનિક પત્રોમાં જાહેરાત આપીને, શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મેળવીને, શાળાની શૈક્ષણિક તથા અન્ય ભૌતિક સુવિધાઓની ઉપલબ્ધિ તથા ફીની વિગતો ધ્યાને રાખીને કરવાની રહેશે.

ભાગ લેનાર સંસ્થાઓ ટેલેન્ટ પુલ યોજના હેઠળ પસંદગી પામેલા વિધાર્થીઓ તેમજ અન્ય વિધાર્થીઓ વચ્ચે કોઇપણ જાતનો ભેદભાવ રાખી શકશે નહિં, તદ્ઉપરાંત, જો આ વિધાર્થીઓને શરૂઆતમાં વિશેષ ધ્યાન અથવા સુવિધાઓની જરૂર હોય તો તે પણ આપવાના રહેશે.

પસંદગી પામેલ શાળાએ કમિશ્નર, આદિજાતિ વિકાસ સાથે આ અંગેના સ્પષ્ટ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરવાના રહેશે.

સંબંધિત સંસ્થાએ વિધાર્થીનો શૈક્ષણિક પ્રગતિ અહેવાલ દર ત્રણ માસે કમિશ્નર, આદિજાતિ વિકાસ તથા તેના વાલીને મોકલવાનો રહેશે અને કમિશ્નર કચેરીએ દરેક વિધાર્થીના પ્રગતિ અહેવાલની ફાઇલ નિભાવવાની રહેશે તેમજ સમયાંતરે વિધાર્થીની કાર્યદક્ષતાનું મૂલ્યાંકન કરીને આનુષાંગિક પગલાઓ લેવાના રહેશે.

૪. <u>શૈક્ષણિક સુવિધા</u>

૧. કલાસરૂમ એજયુકેશન

૨. આદિજાતિ બાળકોને વિશેષ પ્રાયવેટ ટયુશન બેચની વ્યવસ્થા સ્કૂલ કરશે.

૩. વિધાર્થીઓની કુશળતા, સામાન્ય જ્ઞાન, બુધ્ધિ અને રમતગમત કૌશલ્યના વિકાસની સુવિધાઓ શાળા પ્રદાન કરશે.

૪. આદિજાતિ વિધાર્થીઓને રીડીંગ અને રાઇટીંગ સ્કીલની વિશેષ સુવિધા શાળા ગોઠવશે.

૫. આદિજાતિ વિધાર્થીઓના ઇતર વાંચન માટે લાયબ્રેરીની સગવડ શાળા પ્રદાન કરશે.

૬. રાજય અને રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધાઓમાં બાળકો જોડાવવા ઇચ્છે તો એ માટેની માર્ગદર્શક સેવા શાળા પૂરી પાડશે.

૭. આદિજાતિ બાળકો પ્રથમ વર્ષે પ્રવેશ મેળવે ત્યારે તેઓનું શાળાના વાતાવરણમાં યોગ્ય સમાયોજન થાય તે ઘણું જરૂરી હોઇ શાળા શરૂ થવાના ૧૦ દિવસ પૂર્વે અને શાળા શરૂ થયાના ૧૦ દિવસ પછી એમ કુલ ૨૦ દિવસ વિશેષ પ્રકારનું એડજસ્ટમેન્ટ-કમ-કાઉન્સલીંગ સેશન પેકેજ શાળા પૂરૂં પાડશે.

૮. વિધાર્થીઓના શૈક્ષણિક વિકાસ અને મૂલ્યાંકનનો વ્યકિતગત પ્રગતિ અહેવાલ શાળા રજૂ કરશે.

૯. ડે બોર્ડર તરીકે પસંદગી પામનાર વિધાર્થીઓને શાળા દરમિયાન શિક્ષણ કાર્ય, એકસ્ટ્રા કોચીંગ, પુસ્તકાલય સુવિધા અને નિવાસની સુવિધા સિવાયની તમામ સુવિધાઓ શાળા પૂરી પાડશે.

૧૦. શાળાએ પોતાના એક સક્ષમ શિક્ષકને આ વિધાર્થીઓના કેરટેકર / સલાહકાર તરીકે મૂકવાના રહેશે. જે હંમેશ ટેલેન્ટ પુલના વિધાર્થીઓના સાથી કમ માર્ગદર્શક બની રહેશે.

૧૧. આ ઠરાવ બાબતે સ્પષ્ટતા મેળવવા અથવા કોઇ સમસ્યા ઉભી થાય તો તેનું નિરાકરણ કમિશ્નર, આદિજાતિ વિકાસએ કરવાનું રહેશે. જરૂર જણાયે આદિજાતિ વિકાસ વિભાગનું માર્ગદર્શન મેળવવાનું રહેશે.

૧૨. સંજોગોવસાત કોઇ વિધાર્થી શૈક્ષણિક વર્ષની અધવચથી શાળા છોડી દે તો તેવા કેસમાં સંસ્થાએ ડિપોઝીટની રકમ પરત કરવાની રહેશે અને બાકીની રકમમાંથી ખરેખર ખર્ચની રકમ બાદ કરીને પરત કરવાની રહેશે. તેમજ તે દરમ્યાન વિધાર્થી પછળ થયેલ ખરેખર ખર્ચ તેમના વાલીએ ભોગવવાનો રહેશે.

૧૩. પ્રવેશ મેળવેલ વિધાર્થીના શૈક્ષણિક વર્ષના અભ્યાસનું પુનરાવર્તન કરવું સંસ્થાને જરૂરી જણાય તો વિધાર્થીના વાલીની પૂર્વ સંમત્તિથી સંસ્થા તે અંગેનો નિર્ણય લઇ શકે છે.

૫. <u>શૈક્ષણિક તથા આવાસીય સુવિધા માટે ખર્ચના પેકેજની વિગતો</u>

૧. શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન આ યોજના અંતર્ગત કુલ ૧૦૦ વિધાર્થીઓને લાભ આપવાનો રહેશે.

૨. શૈક્ષાણિક પેકેજ જમાં રજિસ્ટ્રેશન ફોર્મની કિંમત રજીસ્ટ્રેશન અને પ્રોસસીંગ ફી, પ્રવેશ ફી, સિકયુરીટી ડીપોઝીટ, ટયુશન ફી તથા વિધાર્થીની જરૂરીયાત મુજબ વધારાની ટયુશન ફીમાંનો સમાવેશ થશે.

૩. છાત્રાલય ફી માં સંસ્થા ધ્વારા પૂરી પાડવામાં આવતી જુદી જુદી સુવિધાઓ, તથા નિવાસ અંગેની ફીનો સમાવેશ થશે.

૪.	વિકાસ ફંડ, વાષર્ક પરચૂરણ ખર્ચ , વાહ્‌ન વ્યવહ્‌ાર ચાર્જીસ (યોગ્ય જણાય તો) તથા સંસ્થા ધ્વારા સામાન્ય રીતે લેવામાં આવતી અન્ય ફી.

૫.	વિધાર્થી દીઠ વાર્ષક રૂ.૨૦૦૦/- ની મર્યાદામાં પુસ્તકો તથા સ્ટેશનરીનો ખર્ચ.

૬.	શાળાના નોમ્સ પ્રમાણે વિધાર્થીઓને આપવાનો ખિસ્સા ખર્ચ અથવા માસિક રૂ.૨૫/- વિધાર્થીદીઠ (વેકેશન પીરીયડ સિવાય)

૭.	રજા દરમ્યાન અથવા શિક્ષક સાથેની મીટીંગ માટે વિધાર્થી તથા તેમના વાલીએ શાળાએથી ઘરે અને ઘરેથી શાળાએ આવવા-જવા માટેનો વાહ્‌ન વ્યવહ્‌ાર અંગેનો ખર્ચ. ( બે વખત માટે )

૮.	યુનિફોર્મ, નાઇટ સુટ, પથારી, પાગરણ, બુટ-મોજા અને શાળામાં સામાન્યરીતે પહેરવાના જરૂરી કપડા માટે પ્રથમ વર્ષે રૂ.૪૦૦૦- અને પછીના વર્ષો દરમ્યાન રૂ.૨૦૦૦- પ્રમાણે વિધાર્થી દિઠ.

૯.	સાબુ, તેલ, કાંસકો, ટુથ પેસ્ટ, બ્રશ, વિગેરે સહ્‌િતની દૈનિક જરૂરીયાતોની કીટ માટે માસિક રૂ.૭૫/- પ્રમાણે વિધાર્થી દીઠ (વેકેશન સિવાય)

૧૦.	માંદગી / અકસ્માતના પ્રસંગે તબીબી સારવાર માટે ડોકટરનો કન્સલ્ટેશન ચાર્જ દવાઓ તથા સારવારનો ખર્ચ (વાજબીપણા મુજબ)

૧૧.	ફી અને અન્ય ખર્ચનું ચુકવણું જુન તથા ડિસેમ્બર એમ બે વખત અર્ધ વાર્ષક હ્‌પ્તાઓમાં કરવાનું રહ્‌ેશે. આમ છતાં, શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જૂન માસમાં એડવાન્સમાં ચુકવણું કરવાનું રહ્‌ેશે. અને બાકી રહ્‌ેતા ખર્ચનું રીએમ્બસમેન્ટ કરવાનું રહ્‌ેશે.

૧૨.	ગંભીર પ્રકારની ગેરવર્તણૂંકના કિસ્સા સિવાય શાળા વિધાર્થીનો પ્રવેશ રદ કરી શકશે નહ્‌િં અને પ્રવેશ રદ કરવાના કિસ્સામાં તેના વાલીને અન્ય શાળામાં પ્રવેશ અંગેની વ્યવસ્થા માટે પૂરતો સમય આપવાનો રહ્‌ેશે.

૧૩.	સાહ્‌સ, અંગેનાં કાર્યક્રમો, પિકનિક, રમતગમતની ટુર્નામેન્ટ, વગેરેમાં ભાગ લેવા માટે થનાર ખર્ચ અંગેનું ચુકવણું વિધાર્થીના વાલીએ અલગ રીતે સીધું સંસ્થાને કરવાનું રહ્‌ેશે.

૬. નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૧૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહ્‌ીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષની બજેટ જોગવાઇને આધિન રહ્‌ીને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહ્‌ેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પ્ધ્ધતિથી કરવાનું રહ્‌ેશે.

(૩) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક એસપીઓ-૧૦૨૦૦૧-૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે ઇ ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ, સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહ્‌ેશે.

(૪) આ મંજૂરી અન્વયે જો કોઇ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક ૯૬, આયોજન, મુખ્ય સદર ૨૨૨૫, પેટા સદર ૦૨, ગૌણ સદર ૭૯૬, માં અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓ માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા બાબત સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને થયેલ ખર્ચ તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૮. ટેલેન્ટ પુલની આ યોજના અમલમાં આવતા સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગના તા.૩૧-૩-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક પીએમએસ-૨૦૦૨-ન.બા.૨૬ ગ, થી અમલમાં મુકેલ અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને ખ્યાતનામ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય મંજૂર કરવા બાબત ની યોજના નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ થી રદ કરવામાં આવે છે અને આ યોજના હેઠળ જૂની યોજનામાં નિયત થયેલ શાળાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે.

૯. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ ૧૪-૫-૦૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(જયોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ